હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



હવે જુઓ...તમનેય ૨૮% જી.એસ.ટી. કાપીને વોટીંગ કરીશું...!!!

મનપાની સિનિયર સીટીઝનની યાત્રામાં અવ્યવસ્થા સર્જાય છે

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરના વડીલો માટે શ્રાવણ માસમાં વડીલો માટે યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. પંરતુ મનપાની આ યાત્રામાં સવારના સમયે અવ્યવસ્થા સર્જાય છે. જેથી વડીલો હેરાન પરેશાન થઈ જાય છે. જયારે યાત્રા માટે વડીલોના ધસારાને પગલે યોગી ટ્રાન્સપોર્ટ દ્વારા એક બસની જગ્યા એ ૪ બસ ફાળવવામાં આવી છે. તેમ છતા યોગ્ય વ્યવસ્થાના અભાવે વડીલોને યાત્રા વિના પરત ફરવુ પડે છે. જેથી વડીલોમાં મનપાના યાત્રા પ્રવાસ અંગે કચવાટ ઉભો થયો છે.

મળતી વિગત મુજબ પવિત્ર શ્રાવણ માસમાં ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા સિનિયર સિટીઝન માટે યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ યાત્રામાં જિલ્લાના વિવિધ ધાર્મિક સ્થાનો પર વડીલોને દર્શન કરાવવામાં આવશે. જયારે આ યાત્રા માટેની બસ સવારે ૭.૩૦ કલાકે વીટકોસ બસ સ્ટેન્ડ થી ઉપડશે અને સાંજે ૪.૩૦ પરત ફરશે. જયારે બસની ટીકીટ સિનિયર સીટીઝનનું કાર્ડ હોય તે ના માટે રૂ.૩૦ અને ન હોય તેના માટે રૂ.૬૦ ટીકીટનો દર નક્કી કરાયો છે.

પરંતુ મહાનગર પાલિકા દ્વારા જાહેર કરવામાં આવેલા યાત્રા માટે વીટકોસ બસ સ્ટેન્ડ ખાતે રોજના ૧૫૦ થી ૨૦૦ વડીલો એકઠા થઈ જાય છે. શ્રાવણ માસ હોવાથી વડીલોની ભીડ ધાર્મિક સ્થાનો પર જવા માટે વધુ હોય છે. ત્યારે વીટકોસ સ્ટેન્ડ પર આવતા વડીલોને બસ નથી, યાત્રા માટેના મુસાફરોની સંખ્યા પુરી થઈ ગઈ છે. નામ નોંધાવો અને ફોન નંબર લખાવો

તમારો નંબર આવશે એટલે કોલ કરીશું. આ પ્રકારના જવાબ સાંભળવા માટે મળે છે. જેથી કેટલાક વડીલો યાત્રા વિના ઘરે પરત ફરે છે. જયારે મનપાના યાત્રા પ્રવાસ માટે માત્ર એક જ બસ યોગી ટ્રાન્સપોર્ટ દ્વારા ફાળવવામાં આવી હતી. જયારે શ્રાવણ માસમાં ૩૦ દિવસ સુધી એક જ બસ વડીલોને યાત્રા કરાવશે તે પ્રકારનું આયોજન હોવાનું ધ્યાને આવ્યું છે. પરંતુ વડીલોની સંખ્યા વધતા યોગી ટાન્સપોર્ટ દ્વારા ૪ બસ મુકવામાં આવી છે તેમ છતા અવ્યવસ્થા સર્જાય છે.

ખૂણેખાંચરેથી

● ગાંધીનગર જિલ્લા પંચાયતમાં ચીટનીસ ટુ ડી.ડી.ઓ. તરીકે ફરજો બજાવતા સુશ્રી વીણાબેન પટેલને એ.પી.ઓ.નો વધારાનો ચાર્જ ગ્રામ વિકાસ એજન્સી ખાતે અપાયો છે.

● ગાંધીનગર શહેરમાં કોરોના વેક્સિનેશન અભિયાનમાં આજે ૧૧૨૩ લોકોને આવરી લેવામાં આવ્યા છે.

● કર્મચારીના અવસાન પછી ૨૫ વર્ષથી મોટી અપરણિત દિકરી, ત્યકતા તેમજ વિધવા પુત્રીને પણ કેન્દ્ર સરકારની જેમ કુટુંબ પેન્શન આપવુ જોઈએ તેવી રજુઆત સાથેનુ આવેદનપત્ર સરકારને આપવામાં આવ્યુ છે.

● સચિવાલય અને વિવિધ સરકારી કચેરીઓમાં અધિકારીઓની બદલીની ચર્ચાએ વેગ પકડ્યો છે તો આ ચર્ચાને પગલે કેટલાક અધિકારીઓ તો તેમની કચેરીમાં અંશકાલીન કર્મચારીની જેમ હાજરી આપી રહેલા પણ જોવા મળ્યા છે.

● સચિવાલયમાં આજે કેબિનેટ બેઠક હોવાને કારણે મુલાકાતીઓનો ધસારો ઓછો જણાયો હતો.

● ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા વિભાગના ઓનલાઈન સર્વરમાં આજે ટેકનીકલ ક્ષતિ ઉભી થતાં અનાજ વિતરણ વ્યવસ્થા પર વિપરીત અસરો પડી હતી.

● ગઈકાલે રાત્રે ચ-૩ થી લઈ ચ-૬ સુધીની સ્ટ્રીટલાઈટો બંધ હતી તો ઘણા સેક્ટરોના આંતરિક માર્ગોની સ્ટ્રીટલાઈટો પણ બંધ હતી.

● સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ દ્વારા શ્રાવણ માસ નિમિત્તે સે. ૨૪ના હરિહર મહાદેવ મંદિરે ૧૦૦૮ દિવડાની મહા આરતીનું આયોજન કરાયુ હતુ.

● કલોલ ટાવરચોકમાં ૨૩ વર્ષની સૈન્યમાં સેવા બાદ નિવૃત્ત થઈ પરત આવેલ જવાનનું જાહેર સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું.

● સ્વામિનારાયણ મંદિર સે. ૬ ખાતે તા. ૩ થી ૫ ઓગષ્ટ દરમ્યાન ચાર્તુમાસ પારાયણનું આયોજન કરવામાં આવ્યું છે.

● ગાયત્રી શક્તિપીઠ માણસા દ્વારા શ્રાવણ માસ નિમિત્તે શિવપુરાણ કથાનું આયોજન કરવામાં આવ્યું છે.

● ગાંધીનગર શહેરના વિવિધ સેક્ટરોમાં ગટરલાઈનો ચોકઅપ થઈ જવાની ફરિયાદો વધી છે.

ગાંધીનગર,તા.૦૩

કવિ હરીશચંદ્ર આચાર્ય રાજસ્થાન ના હિન્દી સાહિત્યના મહાન કવિ રિસ્તો કી જાજમ, ગાગર મે સાગર, કલમ તુમ ચલતી રહો, નિષ્કામ કર્મ કે નગમે જેવા કાવ્ય સંગ્રહના લેખકે સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ કુમાર જહા તેમજ જાણીતા એડવોકેટ અને સ્પે.પી.પી અશ્વિનભાઇ ત્રિવેદી ઓફિસની મુલાકાત લઈ તાજેતર માં જ પ્રસિદ્ધ કરાયેલી ચારેય કાવ્યસંગ્રહ બુક આપી શભેરછા પાઠવી હતી

બ્રહ્માકુમારીઝ અને ગોલારાણા સમાજનું ગૌરવ

ગાંધીનગર,તા.૦૩

બાળપણ થી જ માતા પિતા સાથે બ્રહ્માકુમારીઝ પરિવાર સાથે જોડાયેલ હર્ષ શૈલેષકુમાર રાણાએ સેક્ટર. ૨૬, ગાંધીનગરની સરકારી પોલિટેકનિકમાંથી ડિપ્લોમા ઇન ઇન્ફોર્મેશન ટેકનોલોજી વિષયમાં ૯૮% ટકા ગુણ મેળવી બ્રહ્માકુમારીઝ અને ગોલારાણા સમાજનું નામ રોશન કર્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, હર્ષના પિતાશ્રી શૈલેષ કુમાર રાણા, મુંદ્રા ખાતે આવેલ મલ્ટી નેશનલ કંપની, ઝિંદાલ સો લિમિટેડમાં ૧૮ વર્ષથી સિનિયર એન્જિનિયર હતા જે પુત્રના ઉચ્ચતર ભણતર માટે ગાંધીનગરમાં શિફ્ટ થઈ હાલ 'શિવ મલ્ટી સર્વિસ' અને 'ઓટોમેશન'ની સેવા આપી રહ્યા છે તેઓ પુત્ર ની આ બેનમૂન સિધ્ધીથી ખૂબ જ ખુશ થયા છે. આ ખુશી અને ગર્વના પ્રસંગે પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિધ્યાલય ગાંધીનગરના સંચાલિકા કૈલાશ દીદીજી તથા બ્રહ્માકુમાર ભાઈ-બહેનોએ પણ પુષ્પગુચ્છ આપી શભેચ્છા સહ વધાઈ આપી હતી.

વેદ ઇન્ટરનેશનલ સ્કૂલ પેપર બેગ વિતરણ

ગાંધીનગર,તા.૦૩

વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સરગાસણ દ્વારા 'ઈકો ક્લબ' અંતર્ગત પેપર બેગ વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આસપાસના વિસ્તારોમાં પ્લાસ્ટિકની બેગ નો ઉપયોગ ન કરવાનું જણાવી અને વિદ્યાર્થીઓ દ્વારા બનાવેલ પેપર બેગ નું વિતરણ કરવામાં આવ્યું હતું. શાળાની આસપાસ ના વિક્રેતાઓ આ પહેલથી ખૂબ ખુશ હતા અને તેમણે આના જેવી વધુ બેગનો ઓર્ડર આપ્યો છે. શાળા પરિવાર દ્વારા આ ઉમદા કાર્યને બિરદાવવામાં આવ્યું હતું.

પંચદેવ મંદિર, સે. ૨૨ ખાતે બુધવારે પાન-સોપારીના સુંદર હિંડોળા યોજાયા હતા. જેમાં સૌ શહેરીજનોએ દર્શનનો લાભ લીધો હતો.

શિક્ષણ બોર્ડના પાર્કિંગમાંથી

પોલીસ ભવનના કર્મચારીની ગાડીમાંથી દારૂની બોટલ મળી

ગાંધીનગર, તા.૩

શહેરના સેક્ટર-૧૦ બિરસામુંડા ભવન નજીક થી ઈન્દ્રોડાના યુવાનને બાઈક પર લટકાવેલા થેલામાં રહેલી દારુની બે બોટલ સાથે પકડી પાડ્યો હતો. ત્યારબાદ શહેરના શિક્ષણ બોર્ડના પાર્કિંગમાંથી એસઆરપી ગ્રુપ-૧૨ અને હાલ પોલીસ ભવન ખાતે ફરજ બજાવતા કર્મચારીની અલ્ટો ગાડીમાંથી પોલીસને વિદેશી દારુની ૨ બોટલ મળી આવી હતી. જયારે પોલીસે દારુની ૪ બોટલ સાથે બે શખ્સોને પકડી પાડી દારુ, બે વાહન, બે મોબાઈલ મળી કુલ રૂ. ૨. ૨૫ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી સેકટર-૭ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સેકટર-૭ પોલીસ મથકના હે.કો.દિવ્યરાજસિંહ અને કોન્સ્ટેબલ સચિનસિંહ સહિત પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલીંગ કરી રહ્યા હતા. તે સમયે બિરસામુંડા ભવન ખાતે આવતા ચોકક્સ બાતમી મળી હતી કે સેકટર-૧૦ બિરસામુંડા ભવન થી બલરામ ભવન તરફના સર્વિસ માર્ગ પર બાઈખ નં. જી.જે.૧૮.સી.પી-૦૧૨૦ માં પ્લાસ્ટીકના થેલામાં વિદેશી દારુની બોટલો લઈ બિરસામુંડા ભવનની પાછળ સર્વિસ રોડ પર આવવાનો છે. જેને પગલે પોલીસ વોચમાં ગોઠવાઈ ગઈ હતી. તે સમયે ઉપરોકત હકીકતવાળુ બાઈક આવતા કોર્ડન કરી ચાલકને ઉભો રાખ્યો હતો. ત્યારબાદ પોલીસે બાઈકના હુકમાં ભરાવેલા થેલામાં ચેક કરતા વિદેશી દારુની ૨બોટલ મળી આવી હતી. જે અંગે પોલીસે દારુની પાસ પરમીટ માંગતા તેની પાસે ન હોવાનું જણાવ્યું હતું. પોલીસે નામ પુછતા મહેશજી દશરથજી ઠાકોર (ઉં.૩૩ રહે.ઈન્દ્રોડા વાણીયાવાસ) હોવાનું જણાવ્યું હતું. પોલીસે ૨ બોટલ કિં.૮૮૦ ગણી કબ્જે કરી હતી. ત્યારબાદ શખ્સની અંગજડતી દરમિયાન સાદો કીપેડવાળો મોબાઈલ કિ.૨૦૦ તેમજ બાઈક કિં.૨૦ હજાર ગણી કબ્જે લીધુ હતું. પોલીસે યુવકને આ દારૂ કોની પાસેથી લાવ્યો હોવાનું પુછતા તેણે નટુજી ગાંડાજી ઝાલા નામ જણાવ્યું હતું. જેથી નટુજી ઝાલા હાલ કયાં છે તેમ ફોન પર પુછતા તેઓએ સેકટર-૧૦ શિક્ષણબોર્ડના પાર્કિંગમાં હોવાનું જણાવ્યું હતું. જેથી પોલીસ પકડાયેલ શખ્સ સાથે શિક્ષણ બોર્ડની કચેરી પહોંચતા નટુજીને ઓળખી બતાવ્યા હતા.જેથી પોલીસે તેમને પકડી પાડી પુછપરછ કરતા નટુજી ગાંડાજી ઝાલા (રહે. સેકટર-૨૧, સરકારી કવાર્ટર બ્લોક નં. ૫૫-૯ જ ટાઈપ, મુળ રહે- ઝાલાના મુવાડા તા.દહેગામ) હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ પોલીસે ગાડી નં. જી.જે.૧૮.બી.કે.૬૬૯૨ ચેક કરતા તેમાંથી પણ વિદેશી દારુની બે બોટલ મળી આવી હતી. પોલીસે નટુજી પાસે દારુ અંગે પાસ કે પરમીટ માંગતા પોતાની પાસે ન હોવાનું જણાવ્યું હતું. જયારે પોલીસની પુછપરછમાં નટુજીએ એસ.આર.પી.એફ. ગ્રુપ-૧૨ માંથી એટેચ તરીકે પોલીસ ભવન રાઈડર તરીકે ફરજ બજાવતા હોવાનું જણાવ્યું હતું. સેકટર-૭ પોલીસે ૪ બોટલ વિદેશી દારુ કિં.૧૮૯૦, બે મોબાઈલ ફોન કિં.૩૨૦૦ તેમજ વાહન નંગ-૨ કિં.૨.૨૦ લાખ મળી કુલ રૂ.૨,૨૫,૦૯૦ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સિવિલમાં પાંચમા માળે કોવીડ વોર્ડ શરુ કરાયો

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર સિવિલમાં પાંચમા માળે કોવીડ વોર્ડ ઉભો કરવામાં આવ્યો છે. પાંચમા માળે ઓટી વિભાગમાં રહેલા ૧૦ બેડમાં દર્દીઓ સારવાર લઈ રહ્યા હોવાથી નવો વોર્ડ તંત્ર દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે.જયારે પાંચમા માળે સારવાર લઈ રહેલા ઓર્થોપેડીકના અને સર્જરી વિભાગના દર્દીઓને ૪ થા માળે મોકલી આપવામાં આવ્યા છે. મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરમાં રોગચાળાએ માથું ઉંચક્યું છે. તાવ, શરદી, ખાંસી સહિત ઝાડા-ઉલ્ટીના દર્દીઓની સંખ્યામાં ઉછાળો જોવા મળી રહ્યો છે. સિવિલમાં મેડીસીન વોર્ડમાં દર્દીઓથી ઉભરાય છે. બીજા વોર્ડમાં પણ દર્દીઓની સંખ્યા નોંધનીય છે. ત્યારે તેની સાથે સાથે કોરોનાના દર્દીઓની સંખ્યા પણ વધી રહી છે. જેને પગલે સિવિલ તંત્ર દ્વારા કોવીડ વોર્ડ શરુ કરવામાં આવ્યો છે. સિવિલમાં પાંચમા માળે ઓટી વિભાગમાં ૧૦ બેડના વોર્ડમાં દર્દીઓથી હાઉસ ફુલ થઈ જતા નવીન ૫૦૧ અને ૫૦૨ વોર્ડ તૈયાર કરવામાં આવ્યા છે. જયારે સિવિલના ૫૦૧ અને ૫૦૨ વોર્ડમાં રહેલા ઓર્થોપેડીક ફીમેલ વિભાગના દર્દીઓ અને સર્જરી વિભાગના સારવાર લઈ રહેલા દર્દીઓને તાત્કાલીક અસરથી ૪ થા માળે શીફટ કરવામાં આવ્યા છે.ત્યારે સિવિલ તંત્ર દ્વાર ૫ મા માળે કોવીડ વોર્ડ બનાવી દેવાયો છે. તે માટે ડોકટર, નર્સ, સહિતના સ્ટાફને પણ જરુરી જવાબદારી આપી દેવામાં આવી છે.

લવારપુર બ્રિજ નીચે વરલી-મટકુ રમાડતો શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૩

લવારપુર-ચિલોડા નેશનલ હાઈ વે પર લવારપુર બ્રિજ નીચે ખુલ્લી જગ્યામાં વરલી મટકું રમાડતા શખ્સને ડભોડા પોલીસે પકડી પાડ્યો છે. પોલીસે શખ્સને નામ પુછતા તેણે દિનેશજી ભેમાજી ઠાકોર (ઉં.૪૧, રહે.લવારપુર ગામની સીમ સરકારી બોર ઉપર મુળ રહે તાતીયાણા તા.શિહોરી જી બનાસકાંઠા) હોવાનું જણાવ્યું હતું. પોલીસને શખ્સ પાસેથી ડાયરી મળી આવી હતી, જેમાં એમ એ અને કે એ લખેલુ હતું. જયારે અંગજડતી કરતા પેન્ટના ખીસ્સામાંથી રૂ.૧૦,૨૪૦ મળી આવ્યા હતા. પોલીસે રૂ.૧૦,૨૪૦ નો મુદ્દામાલ કબ્જે કરી શખ્સને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

રાયસણ ગામમાંથી પલ્સર બાઈકની ચોરી

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરના રાયસણ ગામના વાઘેલાવાસમાંથી પલ્સર બાઈકની ચોરી થવા પામી છે. ઘર પાસે પાર્ક કરેલુ બાઈક રાત્રીના સમયે ચોર શખ્સો ઉઠાવી ગયા છે. ત્યારે યુવકે રૂ.૪૦ હજારના બાઈક ચોરી અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રાયસણ ગામના વાઘેલા વાસ ખાતે ૩૧ વર્ષિય નરેશ લક્ષ્મણજી વાઘેલા પોતાના પરિવાર સાથે રહે છે અને રીક્ષા ડ્રાઈવીંગ કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. પોતાના અંગત ઉપયોગ માટે નરેશ પલ્સર બાઈક નં. જી.જે.૧૮.ડી.ઈ.-૫૧૮૩ નો ઉપયોગ કરે છે. ગત તા.૨૮ જુલાઈના રોજ રાત્રીના ૮ વાગે ઘર પાસે બાઈક પાર્ક કર્યું હતું. જયારે બીજા દિવસે સવારે ૯ કલાકે પાર્ક કરેલી જગ્યા પર જોતા બાઈક ન હતું. જેથી રાત્રીના સમયે બાઈક ચોરી થવા પામી હતી. પરિવારના સભ્યોએ બાઈક અંગે આસપાસના વિસ્તારમાં તેમજ શહેરમાં પણ તપાસ કરી હોવા છતા મળી ન આવતા યુવકે રૂ.૪૦ હજારના પલ્સર બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાવી છે.

સપ્તરંગ ફિલ્મ સોસાયટી દ્વારા બે દિવસીય ફિલ્મ મેકિંગ વર્કશોપનું આયોજન

ગાંધીનગરસ, તા. ૩

સપ્તરંગ ફિલ્મ સોસાયટી દ્વારા બે દિવસીય ફિલ્મ મેકિંગ વર્કશોપનું ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના પ્રાંગણમાં આયોજન થયું છે. તેના ઉદ્ઘાટનમાં જીટીયુના વાઈસ ચાન્સેલર ડૉ. નવિનભાઈ શેઠ (ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી) વિશેષ ઉપસ્થિત પદ્મશ્રી વામન કેન્દ્રેજી (ઈન્ડિયન થિયેર ડાઈરેકટર, ભૂતપૂર્વ ડાઈરેકટર એનએસડી, અકડેમીશઅન), પ્રસિદ્ધ ગુજરાતી ફિલ્મ અભિનેતા મયુર ચૌહાણ ઉર્ફે માઈકલ, વંદનભાઈ શાહ (સપ્તરંગ ફિલ્મ સોસાયટી પ્રમુખ) તથા ભારતીય ચિત્ર સાધનાના પ્રમુખ ટ્રસ્ટી અજીતભાઈ શાહ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

આ દરમ્યાન સપ્તરંગ ફિલ્મ સોસાયટીની અધિકૃત વેબસાઈટનું પણ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

સેક્ટર-૨૬ કિસાનનગર સ્થિત ભવનાથ મહાદેવ મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉલ્લાસભેર યોજાયો હતો. ૨૧ વર્ષ બાદ ફરીથી પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાતા ભાવિકો ખુબ જ ભાવપૂર્વક આ કાર્યક્રમમાં જોડાયા હતા.

રાજભવનના કર્મચારીઓ માટે બેઝિક લાઈફ સપોર્ટ ટ્રેનિંગનું આયોજન

ગાંધીનગર, તા. ૩

રાજભવનના કર્મચારીઓમાં કટોકટીની તબીબી પરિસ્થિતિઓને હેન્ડલ કરવા અંગે જાગૃતિ લાવવા માટે, ગાંધીનગર સ્થાપના દિવસ નિમિત્તે મૂળભૂત જીવન સહાયતા તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. અપોલો હોસ્પિટલના બિલિયન હાર્ટ્સ બીટિંગ ફાઉન્ડેશન દ્વારા પ્રોજેક્ટ પ્રશિક્ષણ હેઠળ ગવર્નર હાઉસના ૯૫થી વધુ કર્મચારીઓને તાલીમ આપવામાં આવી હતી. દિવસભરના સત્ર દરમિયાન, અપોલો હોસ્પિટલના નિષ્ણાતોએ કાર્ડિયોપલ્મોનરી રિસુસિટેશન (CSR) અને ફર્સ્ટ-એઈડ મેનેજમેન્ટ પર તાલીમ આપી હતી, ખાસ કરીને દાઝી જવા અને ડૂબવા જેવા કિસ્સાઓમાં. ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે તાલીમ સત્રમાં હાજરી આપી હતી અને નીરજ લાલ, સીઓઓ અને યુનિટ હેડ, અપોલો હોસ્પિટલ, અમદાવાદ દ્વારા તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. ગવર્નરે અપોલો હોસ્પિટલના કોર્પોરેટ સામાજિક જવાબદારી (CSR)ના પ્રયાસોની પ્રશંસા કરી હતી. અપોલો હોસ્પિટલ્સે આ વર્ષના એપ્રિલની શરૂઆતમાં CSR પહેલ શરૂ કરી હતી. ઉદ્દેશ્ય લોકોને શિક્ષિત કરવાનો અને તબીબી કટોકટી સેવાઓ વિશે જાગૃતિ લાવવાનો અને તબીબી કટોકટીમાં મૂળભૂત જીવન સહાયતા તાલીમ અને પ્રાથમિક સારવાર વ્યવસ્થાપન પ્રદાન કરવાનો હતો. પહેલ હેઠળ વ્યક્તિઓને તાલીમ આપવામાં આવે છે, ખાસ કરીને હાઉસિંગ સોસાયટીઓ, શાળાઓ, કોલેજો અને કોર્પોરેટ ગૃહો જેવી સંસ્થાઓમાં આપવામાં આવે છે.

પહેલ દ્વારા હોસ્પિટલનો ઉદ્દેશ્ય ઓછામાં ઓછા ૫૦,૦૦૦ લોકોને CSR અને મૂળભૂત જીવન સહાયતામાં મફત તાલીમ આપવાનો છે અને તબીબી કટોકટી દરમિયાન સામાન્ય લોકો, કુટુંબીજનો અને મિત્રોને મદદ કરી શકે તેવી વ્યક્તિઓની સેના તૈયાર કરવાનો છે. આ તાલીમ ભાટ ખાતે અપોલો હોસ્પિટલના યુનિટ અને અદાણી શાંતિગ્રામ ખાતેના અપોલો વેલનેસ એન્ડ ઈમરજન્સી સેન્ટર ખાતે દર મહિનાના ત્રીજા શનિવારે આપવામાં આવશે.

આર.એન.પટેલ સ્કુલમાં વાલીમીટીંગ યોજાઇ

ગાંધીનગર,તા.૦૩

આર એન પટેલ પ્રાયમરી સેક્ટર ૨૩ ખાતે તા.૩૦/૮/'૨૨ ને શનિવારના રોજ ધોરણ ૧ અને ૨ માં અભ્યાસ કરતાં વિધ્યાર્થીઓના વાલી મીટીંગનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં બાળકનો અભ્યાસની સાથે સાથે સર્વાંગી વિકાસ થાય તે હેતુથી વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ-મુલાકાતો સ્પર્ધાઓ અને શૈક્ષણિક પ્રવાસ વગેરે બાબતોના આયોજન થી વાલીઓને અવગત કરવામાં આવ્યા હતા. શાળાના આચાર્યી દશરથભાઈ કે. પટેલ દ્વારા સંસ્થાનો ઈતિહાસ અને શાળાનો પરિચય રજૂ કરવામાં આવ્યો. ધોરણ ૧ માટે મેઘાબેન દવે એ અને ધોરણ ૨ માટે નિમિષાબેન પટેલે આ વર્ષ દરમિયાન થનારી વિવિધ શૈક્ષણિક, સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ મુલાકાતો, પ્રવાસો, સાંસ્કૃતિક કાર્યક્રમ વગેરેની માહિતી વાલીઓ સમક્ષ રજૂ કરી હતી વાલીઓ મોટી સંખ્યામાં શિસ્ત બધ્ધ રીતે ઉપસ્થિત રહી સહકાર આપ્યો હતો.